# ભારતીય રિઝર્વ બેંક

www.rbi.org.in

આરાબીઆય/2009-10/142

ડીબીઓડી.ક્ર.લેજ. બીસી. 37/09.07.005/2009-10 2 સપ્ટેમ્બર, 2009

તમામ શિડ્યુઅલ કોમર્શિયલ બેંકો
(આરઆરબી સિવાય)

આદરણીય સાહેબશ્રી,

**નેશનલ ટ્રસ્ટ ફોર વેલફેર ઓફ પર્સન્સ વિથ ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન એન્ડ મલ્ટિપલ ડિસેબિલિટિઝ એક્ટ, ૧૯૯૯ (માનસિક વિકૃતિ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને બહુવિધ વિકલાંગતા ધરાવતી વ્યક્તિના કલ્યાણ માટેનાં રાષ્ટ્રીય ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૯૯) હેઠળ સ્થાપવામાં આવેલી સ્થાનિક સ્તરની સમિતિઓને લગતી માહિતીનું પ્રદર્શન**

કૃપા કરીને ગ્રાહક સેવા અંગેનાં અમારા તારીખ 1 જુલાઇ, 2009ના મુખ્ય પરિપત્ર ડીબીઓડી.ક્ર.લેજ. બીસી. 9/09.07.006/2009-10 નો ફકરો 11 વાંચો, જેમાં બેંકોને અધિનિયમ હેઠળ આવરવામાં આવેલી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કાનૂની પાલક દ્વારા બેંક ખાતાઓને ખોલવા / સંચાલિત કરવાના ઉદ્ધેશ માટે માનસિક આરોગ્ય અધિનિયમ, 1987 હેઠળ ડિસ્ટ્રિક્ટ કોર્ટ (જિલ્લા ન્યાયાલય) દ્વારા અથવા નેશનલ ટ્રસ્ટ ફોર વેલફેર ઓફ પર્સન્સ વિથ ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન એન્ડ મલ્ટિપલ ડિસેબિલિટિઝ એક્ટ, 1999 (હવેથી માનસિક વિકલાંગતા અધિનિયમ તરીકે ઓળખાશે) હેઠળ સ્થાનિક સ્તરની સમિતિઓ દ્વારા જારી કરેલા ગાર્ડિયનશીપ સર્ટિફિકેટ પર આધાર રાખવાની સૂચના આપવામાં આવી છે. બેંકોને એ સુનિશ્ચિત કરવા માટેની પણ સૂચના આપવામાં આવી છે કે તેમની શાખાઓ યોગ્ય માર્ગદર્શન આપે જેથી વિકલાંગ વ્યક્તિઓના માતા-પિતા / સંબંધીઓ આ અંગે કોઇ મુશ્કેલીઓનો સામનો ન કરે.

2. દિલ્હી હાઇ કોર્ટ સમક્ષ રજૂ થયેલા એક કેસમાં પ્રતિષ્ઠિત કોર્ટે એવો નિર્દેશ આપ્યો છે કે તમામ બેંકોએ એ સુનિશ્ચિત કરવું જોઇએ કે તેમની શાખાઓએ (i) ઠરાવ (માનસિક વિકલાંગતા અધિનિયમ) હેઠળ સુવિધાઓ અંગેની આવશ્યક વિગતો; (ii) એવી હકીકત કે પક્ષો સર્ટિફિકેટ જારી કરવાના ઉદ્ધેશ માટે સ્થાનિક સ્તરની સમિતિઓનો સંપર્ક કરી શકે અને માનસિક વિકલાંગતા અધિનિયમ હેઠળ જારી કરેલા સર્ટિફિકેટ સ્વીકાર્ય છે; અને (iii) જે તે વિસ્તારમાં સ્થાનિક સ્તરની સમિતિઓ અંગેની વિગતોને તરત નજરે પડે એવા સ્થળે પ્રદર્શિત કરે. કોર્ટે વધુમાં નિર્દેશ આપ્યો છે કે આ માહિતી સ્થાનિક ભાષા અને અંગ્રેજી / હિન્દીમાં (અથવા બંનેમાં) પ્રદર્શિત થયેલી હોવી જોઇએ.

---

૩.બેંકોને કોર્ટના ઉપર જણાવેલા આદેશોનું કડકપણે પાલન કરવાની સૂચના આપવામાં આવી છે. બેંકોને માનસિક વિકલાંગતા અધિનિયમની જોગવાઇઓનું કડકપણે પાલન કરવાની પણ સૂચના આપવામાં આવી છે. એ બાબત નોંધનીય છે કે સ્થાનિક સ્તરની સમિતિઓની વિગતો માનસિક વિકૃત્તિ, સેલેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને બહુવિધ વિકલાંગતા ધરાવતી વ્યક્તિના કલ્યાણ માટેનાં રાષ્ટ્રીય ટ્રસ્ટની વેબસાઇટ એટલે કે www.thenationaltrust.in પર ઉપલબ્ધ છે.

તમારા વિશ્વાસુ,

(બી. માહાપાત્રા)
ચીફ જનરલ મેનેજર